


# ગાજ બટન કેવીરીતે સીવવા

આ વિડિયોમાં તમે તમારા મશીન સાથે આવેલા સ્લાઈડિંગ બટન ફુટ હોલથી બટન કઈ રીતે મુકવા અને ગાજ કઈ રીતે બનાવવા તે શીખશો.





આ માટે તમને જોઈશે 10 x 10 ઈંચનો કપડાનો ટુકડો, ચાર કાણાંવાળા બટન, વોટર સોલ્યુબલ માર્કર, સિમ રિપર, ફૂટપટ્ટી, અને બીડેડ પિન્સ.

સૌપ્રથમ કાપડના બરાબર કેન્દ્રમાં ફૂટપટ્ટી રાખો અને બંને કિનારથી અંદરની તરફ એક ઈંચ પર એક પોઈન્ટ માર્ક કરો.

આ પોઈન્ટની ડાબી તરફ એક બટન મુકો.

પછી બટનની બંને બાજુએ સીધી રેખામાં એક અષ્ટમાંશ ઈંચના અંતર પર બે પોઈન્ટ્ના નિશાન લગાવો.

હવે આ ત્રણેય પોઈન્ટ્સને જોડીને એક સીધી રેખા થશે જે તમારા ગાજની લંબાઈ હશે.

હવે ગાજ બનાવવાનું શરુ કરીએ.


બટન ફુટને જોડવા પ્રેશર ફુટ ઊંચું કરો અને લીવર ઊંચું કરીને ત્યાં જોડાયેલું A ફુટ છૂટું પાડો.

બટન ફુટને લીવર નીચું કરી, કલેમ્પમાં બેસાડો.

કાપડ પરના ગાજના નિશાન પર સોય આવે તેમ તેને ફુટ નીચે ગોઠવીને મુકો.


સ્લાઈડરને તમારી તરફ ફેરવો, અને ફુટ નીચે કરો.

સ્લાઈડરનો ઉપલો એરો માર્ક અને કાપડ પર ગાજ રેખાનો પહેલો પોઈન્ટ બરાબર મળવા જોઈએ.
















પેટર્ન સિલેક્ટર ડાયલ 1 પર રાખો અને ડાયલ લેન્થ 0 થી 1 ની વચ્ચે રાખો.
ગાજ માટે કરેલું નિશાન આવે ત્યાં સુધી સીવો.
હવે સોય ઊંચી કરો, અને પેટર્ન સિલેક્ટર ડાયલ 2 પર રાખો.
થોડા ટાંકા લઈને સીવવાનું બંધ કરો.
હવે સોય ઊંચી કરી પેટર્ન સિલેક્ટર ડાયલ 3 પર રાખો.
ગાજના શરૂઆતના બિંદુ પર પહોંચવા માટે બેકવર્ડ સીવો.
હવે સોય ઊંચી કરો અને પેટર્ન સિલેક્ટર ડાયલ 4 પર રાખો.
થોડા ટાંકા સીવીને સીવવાનું બંધ કરો.
કાપડ કાઢવા ફુટ ઊંચકો, થ્રેડ કટરથી દોરો કાપી નાખો.
કાપડની બંને બાજુએ વધારાના દોરા કાપી નાખો.
હવે કાપડની સામી બાજુએ બટન ટાંકવાનું છે.
કાપડ પર બટન મુકવા ફીડ ડોગ પોઝિશન લાવો, અને ઍક્સટેંશન ટેબલ બહાર કાઢો.
બોબીન મુકવા કવર ખોલો.
હવે ફીડ ડોગ કાઢી લેવા લીવરને રાઈટ સાઈડ પર ખસેડો.
હવે કવર બંધ કરો અને ઍક્સટેંશન ટેબલ ફિક્સ કરો એટલે તમે તૈયાર છો.
ફુટ સ્લાઈડરની આગલી ધારને બટનના કાનની લાઈન સાથ એડજસ્ટ કરો અને બટનને ફુટ નીચે માર્કિંગ પ્રમાણે બેસાડો.
ફુટ નીચું કરો.
સોય ઊંચી રાખીને પેટર્ન સિલેક્ટર ડાયલ C પર રાખો જે ઝિગઝેગ સ્ટિચ કરશે.
તમારી તરફ હાથેથી બેલેન્સ વ્હીલ ફેરવો અને ખાતરી કરવા તપાસો કે સોય બટનના દરેક કાણાંમાં જાય છે કે નહીં.
બટનના કાણાંની એક બાજુની હરોળ આ જ રીતે સીવો.





સોય ઊંચી કરીને ફ્રન્ટ ફુટની ધાર બટનના કાનની બીજી લાઈન પર એડજસ્ટ કરો.
થોડા ટાંકા બટનના કાણાની બીજી લાઈન પર આગળ સીવો.
સોય ઊંચી કરો, અને ટાંકા લોક કરવા સ્ટિચ પેટર્ન સિલેક્ટર ડાયલ B પર રાખો અને સીવો.
બટન લગાવેલા કાપડને કાઢો અને બેય બાજુએથી વધારાના દોરા કાપી નાખો.
તમારું કામ હવે પૂરું થવામાં જ છે.
હવે પિન લઈ બટનના ગાજ પર લગાવો.
સિમ રિપર વાપરી ગાજનું કાણું ખોલો.
કાપડ પર પિન મુકેલી છે એટલે આગળ કપાઈ જવાની શક્યતા નહીં રહે.
કાપડ પરથી હવે પિન કાઢી નાખો. હવે તમારું બટન લાગી ગયું છે અને ગાજ પણ તૈયાર છે.
હવે માત્ર કાપડને વાળી બટનને ગાજમાંથી પસાર કરવાનું છે, જ્યાં સુધી તમારો હાથ બેસે નહીં અને તમને આત્મવિશ્વાસ ન આવે, ત્યાં સુધી ગાજ અને બટન મુકવાની પ્રેક્ટિસ કરો.
આ સહેલું છે, માત્ર સ્થિર હાથની જરૂર છે.